■ મેક્સિકો સિટીમાં 'ડે ઓફ ધ ડેડ' (મૃતકોની યાદનો ઉત્સવ)ના અવસર દરમિયાન મેક્સિકો સિટીના પ્રખ્યાત ઝોકાલો સ્ક્વેર ખાતે સ્થાપિત કરવામાં આવેલી 33.411 મીટર (લગભગ 32 મીટર) ઊંચી રાક્ષસી કટરીનાની શિલ્પકૃતિ આકર્ષણનું કેન્દ્ર બની હતી. 100 ટનથી વધુ વજન ધરાવતી આ કલાત્મક રચનાને સ્ટીલનું માળખું, ફાઈબરગ્લાસ, 27 મીટર લાંબો સુંદર ડ્રેસ અને 1,00,000 ગલગોટાના ફૂલોથી સજાવવામાં આવી છે. વિશ્વની સૌથી ઊંચી કટરીના તરીકે આ વિશાળ શિલ્પે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સમાં પોતાનું નામ નોંધાવ્યું છે.

બદ્રીનાથથી દેહરાદૂન જઈ રહેલું હેલિકોપ્ટર ક્રેશ: તમામ 6નાં મોત

ટેકઓફ કર્યાની બે મિનિટમાં જ સંપર્ક તૂટ્યો; વાદળછાયા વાતાવરણ અને ખરાબ હવામાન વચ્ચે ટેકરી સાથે અથડાયું

શુક્રવારે ચમોલી વિસ્તાર માટે 50 કિમીની ઝડપે પવન ફુંકાવાની આગાહી સાથે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું હતું

ચારધામ ક્ષેત્રમાં છેલ્લા કેટલાક વર્ષોમાં હેલિકોપ્ટર અકસ્માતોની ઘટનાઓમાં ચિંતાજનક વધારો નોંધાયો

ચમોલી (ઉત્તરાખંડ), તા. 30 (પીટીઆઈ): બદ્રીનાથથી શ્રદ્ધાળુઓને લઈને દેહરાદૂન તરફ જઈ રહેલું એક ખાનગી કંપનીનું હેલિકોપ્ટર શુક્રવારે બપોરે વાદળછાયા વાતાવરણ વચ્ચે ઉત્તરાખંડના જોશીમઠ નજીક ટેકરી સાથે અથડાઈને દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ દુર્ઘટનામાં પાયલોટ અને કર્ણાટકના પાંચ શ્રદ્ધાળુઓ સહિત સવાર તમામ છ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે.

વહીવટી સૂત્રોના જણાવ્યા અનુસાર, ચાઈ ગામ પાસે કાટમાળ નજીકથી તમામ મૃતદેહો મળી આવ્યા છે. જોકે, ઘોર અંધારું અને દુર્ગમ ભૂપ્રદેશ હોવાને કારણે મૃતદેહોને શનિવારે ઘટનાસ્થળેથી નીચે લાવવામાં આવશે, જ્યાં જોશીમઠ શહેરમાં તેમનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. હવામાન વિભાગે શુક્રવારે ચમોલી વિસતાર માટે વાવાઝોડા, વીજળી, કરા અને કલાકના 40થી 50 કિમીની ઝડપે પવન ફુંકાવાની આગાહી સાથે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું હતું. એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઈબી) ની ટીમ અકસ્માતની તપાસ માટે રવાના થઈ ગઈ છે.

ચમોલીના એસપી સુરજીત સિંહ પંવારે જણાવ્યું હતું કે ટ્રાન્સ ભારત એવિએશન દ્વારા સંચાલિત હેલિકોપ્ટરે બપોરે 1:12 વાગ્યે બદ્રીનાથથી સહસ્ત્રધારા (દેહરાદૂન) માટે ટેકઓફ કર્યું હતું. ત્યારબાદ બપોરે 1:14 વાગ્યે જોશીમઠ પાસે સેનાની પોસ્ટ દ્વારા તેના ગાયબ થવાની અને ધુમાડો નીકળવાની માહિતી મળી હતી. મૃતકોમાં દિલ્હીના પાયલોટ કેપ્ટન હિમાંશુ સભરવાલ (48) અને કર્ણાટકના પાંચ યાત્રાળુઓ એચ.એસ. નટરાજ (51), સુધીર કે. (50), અરૂણ સાળુંકે (44), પ્રતાપા બચીહલ્લી નિંગારાજન (41) અને શંકરગૌડા વીએબી (39) શામેલ છે. મૃતક અરૂણ સાળુંકે બેંગલુરુ પોલીસના સેન્ટ્રલ ક્રાઈમ બ્રાંચમાં ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા હતા.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ દુઃખ વ્યક્ત કરીને રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચલાવવા આદેશ આપ્યા હતા. પોલીસ, એસડીઆરએફ, સેના અને ડ્રોન ટીમોએ સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સુરક્ષાના પગલે ટ્રાન્સ ભારત એવિએશનના સમગ્ર કાફલાને ગ્રાઉન્ડેડ કરી દેવામાં આવ્યો છે. ચારધામ ક્ષેત્રમાં છેલ્લા કેટલાક વર્ષોમાં હેલિકોપ્ટર અકસ્માતોની ઘટનાઓમાં ચિંતાજનક વધારો નોંધાયો છે.

દિલ્હી કોર્ટે નોરા ફતેહીને સમન્સ પાઠવ્યું

નવી દિલ્હી, તા. 30(પીટીઆઈ): દિલ્હીની એક અદાલતે કથિત ઠગ સુકેશ ચંદ્રશેખર સામેના રૂ. 200 કરોડના ખંડણી કેસમાં અભિનેત્રી નોરા ફતેહીને સાક્ષી તરીકે સમન્સ પાઠવ્યું છે. ૧૬ ઓક્ટોબરના રોજ આપેલા આદેશમાં એડિશનલ સેશન્સ જજ ગગનદીપ સિંહે નોરા ફતેહીને પ્રોસિક્યુશનના સાક્ષી તરીકે 2 નવેમ્બરે કોર્ટ સમક્ષ હાજર થવા જણાવ્યું છે. આ કેસની તપાસ દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ કરી રહી છે. અગાઉ કોર્ટે સુકેશ ચંદ્રશેખર, તેમનાં પત્ની લીના પોલોસ અને અન્ય લોકો સામે આઈપીસીની વિવિધ કલમો તેમજ મકોકા કાયદા હેઠળ આરોપો ઘડ્યા હતા. આ મામલો હાલમાં પ્રોસિક્યુશન દ્વારા પુરાવા રજૂ કરવાના તબક્કે છે. પોલીસની ચાર્જશીટમાં અગાઉ જેક્લીન ફર્નાન્ડીઝ અને નોરા ફતેહી સહિત અનેક લોકોના નિવેદનો નોંધવાનો ઉલ્લેખ કરાયો હતો. પોલીસનો આરોપ છે કે રોહિણી જેલમાં બંધ સુકેશે કેન્દ્ર સરકારના અધિકારી તરીકે ઓળખ આપી ફોર્ટિસ હેલ્થકેરના પ્રમોટર શિવિન્દર મોહન સિંહની પત્ની અદિતિ સિંહ પાસેથી જામીન અપાવવાના નામે કરોડો રૂપિયા પડાવ્યા હતા.

'એક્સ-મેન' અને 'સ્ટાર ટ્રેક' ફેમ અભિનેતા સર પેટ્રિક સ્ટીવર્ટનું નિધન

લોસ એન્જિલસ, તા. 30: હોલિવૂડના પ્રખ્યાત અભિનેતા સર પેટ્રિક સ્ટીવર્ટનું 86 વર્ષની વયે લોસ એન્જિલસ સ્થિત તેમના નિવાસસ્થાને નિધન થયું છે. તેઓ અલ્ઝાઇમર અને લેવી બોડી ડિમેન્શિયાથી પીડાતા હતા. 60 વર્ષથી વધુની કારકિર્દીમાં તેમણે 'સ્ટાર ટ્રેક'માં કેપ્ટન પિકાર્ડ અને 'એક્સ-મેન' ફ્રેન્ચાઇઝીમાં 'પ્રોફેસર X' (ચાર્લ્સ જેવિયર) તરીકે વૈશ્વિક ઓળખ મેળવી હતી. 21 વર્ષ અને 296 દિવસ સુધી એક જ માર્વેલ પાત્ર ભજવવા બદલ તેમનું નામ ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સમાં દાખલ થયું હતું. 2010માં ક્વીન એલિઝાબેથ દ્વિતીયએ તેમને નાઇટહૂડથી સન્માનિત કર્યા હતા. તેમની વિદાય પર હ્યુ જેકમેન સહિત હોલિવૂડ હસ્તીઓએ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે.

મથુરામાં હેમા માલિનીની જેમ, અમેરિકાના અલાસ્કામાં એક ડમી ઉમેદવાર તરખાટ મચાવી રહ્યો છે

વર્તમાન રિપબ્લિક સાંસદ ડેનિયલ સુલવાનની સામે આ જ નામના એક અપક્ષ શિક્ષક ઉભા છે

ટ્રમ્પ આક્ષેપ કરે છે કે અમારા ઉમેદવારના મતો તોડવા ડેમોક્રેટોની આ ગંદી ચાલ છે

વોશિંગ્ટન, તા. ૩૦(પીટીઆઈ): ભારતમાં બહુ ઓછા લોકોને યાદ હશે કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં હેમા માલિનીએ મથુરામાં હેમા માલિની સામે જ ચૂંટણી લડી હતી. અથવા તો ૨૦૧૯માં વાયનાડમાં રાહુલ ગાંધી સામે અન્ય એક રાહુલ ગાંધી, અને રઘુલ ગાંધી પણ મેદાનમાં હતા.

આવા ડમી ઉમેદવારો ભારતમાં સામાન્ય હોઈ શકે છે અને આપણી થકવી નાખતી ચૂંટણીલક્ષી ડ્રામામાં કદાચ હાસ્ય પણ પૂરું પાડતા હશે. પરંતુ, હજારો માઈલ દૂર અમેરિકાના એક દૂરના ભાગ એટલે કે અલાસ્કામાં આવો જ એક ડમી ઉમેદવાર મહત્ત્વપૂર્ણ મિડ-ટર્મ ચૂંટણી પહેલાં રાજકીય તોફાન મચાવી રહ્યો છે, અને ટ્રમ્પ આ વિવાદનો મહત્તમ લાભ ઉઠાવી રહ્યા છે, જે દેખીતી રીતે ડેમોક્રેટ્સના ડર્ટી ટ્રિક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા પેદા કરવામાં આવ્યો છે.

લગભગ તમામ ઓપિનિયન પોલ્સ અનુસાર, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ (સંસદના બે ગૃહો) માટે ૩ નવેમ્બરે યોજાનારી ચૂંટણીમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી દેશવ્યાપી સ્તરે પાછળ ચાલી રહી છે, જેમાં અલાસ્કા જેવા રિપબ્લિકન ગઢ પણ સામેલ છે. અમેરિકાની મુખ્ય ભૂમિથી અલગ એવા તે રાજ્યમાં, સેનેટ માટેના રિપબ્લિકન ઉમેદવાર અને વર્તમાન સાંસદ ડેનિયલ સુલવાનને ડેમોક્રેટિક ઉમેદવાર મેરી પેલ્ટોલા સામે સખત સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે. જાણે આટલું પૂરતું ન હોય તેમ, બેલેટ પેપર પર ત્રીજા ઉમેદવારનું નામ પણ ડેનિયલ સુલવાન છે, જેઓ નિવૃત્ત શાળાના શિક્ષક છે. આ બાબત પોતે કોઈ મોટી વાત નહોતી, પરંતુ બુધવારે ન્યૂ યોર્ક ટાઈમ્સે અહેવાલ આપ્યો કે શિક્ષક સુલવાનની ઉમેદવારી એ પેલ્ટોલાની ટીમ દ્વારા કરવામાં આવેલા સંકલિત પ્રયાસનું પરિણામ હતી. તરત જ, ટ્રમ્પે અયોગ્ય કૃત્યનો આરોપ લગાવતા કથિત મતદાર ફ્રોડની ન્યાય વિભાગ દ્વારા તપાસ કરવાનો આદેશ આપ્યો. ટ્રમ્પ વહીવટીતંત્રનો દાવો છે કે અલાસ્કાના ડેમોક્રેટ્સે રિપબ્લિકન સુલવાનના મત તોડી લેવા માટે એક ડમી ઉમેદવાર ઊભો કરીને મતદારોને ભ્રમિત કરવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પર લખ્યું, 'આ ઉચ્ચ સ્તરનું વોટર ફ્રોડ છે...